પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૭ | ૬ જાન્યુઆરી, ૨૦૧૮, શનિવાર ; પોષ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દસ રૂપિયાની નવી નોટ ટુંક સમયમાં બહાર પડશે

નોટબંધી બાદ વિવિધ મુદ્રાની નોટ બહાર પાડવાના સીલસીલામાં રીઝર્વબેંક ઓફ ઈન્ડિયાએ દસ રૂપિયાની નવી નોટ બહાર પાડવાનો નિર્ણય કર્યો છે. આ નોટનો કલર ચોકલેટ બ્રાઉન હશે. રીઝર્વ બેંકે દસ રૂપિયાની નવી એક અબજ નોટ છાપી છે.

### સલમાનખાનને મારી નાંખવાની ધમકી

ઉત્તરભારતના કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ વૈણનોઈએ ધમકી આપી છે કે અભિનેતા સલમાનખાન જો જોધવાર આવશે તો તેની હત્યા કરી દેવાશે. લોરેન્સના નામે રાજસ્થાન, પંજાબ, હરિયાણામાં અનેક ગુન્હા નોંધાયા છે.

### આમ આદમી પાર્ટીમાં ધમાસણ

રાજ્યસભાના ઉમેદવારોની પસંદગીને પગલે આમ આદમી પાર્ટીના સ્થાપક સંયોજક કુમાર વિશ્વાસ અને પર્યવહન મંત્રી ગોપાલરાય વચ્ચે વાક્‌યુદ્ધ છેડાયુ છે. કુમાર વિશ્વાસે કોંગ્રેસ-ભાજપમાંથી આવેલા દાનવીરોને ટીકીટ આપવાના વલણની ટીકા કરી હતી. જ્યારે વિશ્વાસ સામે ગોપાલરાયે પક્ષની સરકારને ઉથલાવવાનો આક્ષેપ કર્યો છે.

# પાકિસ્તાનને અમેરિકાનો બીજો તમાચો

## એક જ સપ્તાહમાં અમેરિકાએ પાક.ને બીજો તમાચો માર્યો, તમામ સહાય બંધ કરી સ્પે.વોચ લિસ્ટમાં મૂક્યું : ૭ હજાર કરોડની સૈન્ય મદદ રોકી

વૉશિંગ્ટન,તા.૫

અમેરિકાએ આતંક અને આતંકવાદીઓને સલામત આશ્રય આપતા દેશ પાકિસ્તાન સામે સખત કાર્યવાહી કરીને જ્યાં સુધી આતંકવાદ બંધ ન થાય ત્યાં સુધી પાકિસ્તાનને મળતી તમામ લશ્કરી અને સુરક્ષા સહાય પર પ્રતિબંધ મૂકી દીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે પાકિસ્તાન દ્વારા પોતાની ધરતી પર ફૂલીફાલી રહેલા ટેરર નેટવર્ક સામે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતાં તેઓ નિરાશ છે. અમેરિકાએ જણાવ્યું છે કે પાકિસ્તાન જ્યાં સુધી પોતાને ત્યાં મોજૂદ હકાની નેટવર્ક અને અફઘાન તાલિબાનો સામે કડક કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી આ પ્રતિબંધ જારી રહેશે.

આ પ્રતિબંધમાં સુરક્ષા સંબંધિત ફંડ અને લશ્કરી શસ્ત્ર સરંજામ ટ્રાન્સફર કરવા પણ રહેશે. આ ઉપરાંત અમેરિકન વિદેશ વિભાગે એવી જાણકારી આપી છે કે અમેરિકાએ પાકિસ્તાનને ધાર્મિક સ્વતંત્રતાના ગંભીર ઉલ્લંઘન બદલ 'સ્પેશિયલ વોચ લિસ્ટ' હેઠળ મૂકી દીધું છે. અમેરિકાના વિદેશ મંત્રી રેક્સ ટિલરસને ૧૦ દેશને 'ખાસ ચિંતાજનક દેશ' એટલે કે 'કન્ટ્રીઝ ઓફ પર્ટિક્યુલર કન્સર્ન' (સીપીસી) તરીકે ફરીથી કેટેગરાઈઝ કરવાની જાહેરાત કરી છે.

વિદેશ વિભાગના પ્રવકતા હિથર નોઅર્ટે જણાવ્યું છે કે વિદેશ મંત્રીએ પાકિસ્તાનને પણ ધાર્મિક સ્વતંત્રતાનાં ગંભીર ઉલ્લંઘન બદલ સ્પેશિયલ વોચ લિસ્ટમાં મૂકી દીધું છે. સ્પેશિયલ વોચ લિસ્ટ એવા દેશો માટે હોય છે, જ્યાં ધાર્મિક સ્વતંત્રતાનું ગંભીર ઉલ્લંઘન તો થતું જ હોય છે, પરંતુ તે સીપીસી સ્તરે જતું નથી.

**અફઘાન તાલીબાન અને હક્કાની નેટવર્ક વિરૂધ્ધ પગલા લેવા અમેરિકાનો આદેશ, આ ત્રાસવાદી સંગઠનોને કારણે જ દ.એશિયામાં અશાંતિ અને અસ્થિરતાનો માહોલ, હીદરે કહ્યું- પાકિસ્તાન તે વિસ્તારમાં મુશ્કેલી ઊભી કરી રહ્યું છે અને તેના કારણે અમેરિકાને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યું છે**

● અનુસંધાન પાન-૭ પર

# વિમાની યાત્રા મોંઘી બનશે

**ભાડા ૧૩ ટકા સુધી વધવાના એંધાણ : ઓપરેશન ખર્ચમાં જીએસટી બાદ ૨૭ ટકાનો નોંધપાત્ર વધારો**

નવીદિલ્હી, તા. ૫

વિમાની યાત્રીઓ માટે નિરાશાજનક સમાચાર છે. કારણ કે, આ વર્ષે વિમાની ભાડામાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વિમાની ભાડામાં આ વખતે ૧૩ ટકા સુધીનો વધારો થઈ શકે છે. કારણોની વાત કરવામાં આવે તો ફ્યુઅલની કિંમતમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત ઓપરેશન ખર્ચમાં ૨૭ ટકાની આસપાસનો વધારો થઈ ચુક્યો છે. જીએસટી વ્યવસ્થા અમલી બન્યા બાદથી ઓપરેશન ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. ફ્યુઅલની કિંમત વધવાના કારણે એરલાઈન્સ કંપનીઓ પરેશાન થયેલી છે. આવી સ્થિતિમાં એરલાઈન્સો દ્વારા ભાડામાં વધારો કરવાની ગણતરી કરવામાં આવી રહી છે. જીએસટી વ્યવસ્થા અમલી બન્યા બાદથી કેટલીક સમસ્યાઓ આવી રહી છે. જુલાઈ મહિનામાં જીએસટી વ્યવસ્થા અમલી બની હતી. જેટ ફ્યુઅલ હાલમાં જીએસટીની સમીક્ષાની બહાર છે. વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરી રહેલા ઉડ્ડયન માર્કેટ તરીકે ભારતને ગણવામાં આવે છે. ઓછા ભાડા અને ક્ષમતામાં ઉમેરો થઈ રહ્યો છે. ઈન્ડિયા ગો, સ્પાઈસ જેટ, જેટ એરવેઝ અને એર ઈન્ડિયા સહિત એરલાઈન્સો દ્વારા ક્ષમતાનો વધારો કરવામાં આવી રહ્યો છે. ભાડામાં વધારો થઈ શકે છે. મળેલી માહિતી મુજબ સરકારે જીએસટીની સમીક્ષા હેઠળ જેટ ફ્યુઅલને લાવવાના પ્રયાસો કરવા જોઈએ. આના કારણે એરલાઈન્સ કંપનીઓને રાહત થઈ શકે છે.

# ઉત્તર ભારતમાં ધુમ્મસની ચાદર

**૧૮ ટ્રેન અને૧૭ ફ્લાઇટ રદ : ધુમ્મસના કારણે અનેક માર્ગ અકસ્માતો સર્જાયા : ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી : ભારતના કેટલાક રાજ્યોમાં પારો નીચી સપાટીએ**

નવી દિલ્હી,તા. ૫

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે ૧૮ ટ્રેનો રદ કરી દેવામાં આવી છે અને ૧૭ ફ્લાઈટને પણ રદ કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશ સહિત દેશના કેટલાક ભાગોમાં પારો નીચી સપાટી પર પહોંચી ગયો છે. હાલમાં ધુમ્મસ અને તીવ્ર ઠંડી વચ્ચે કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. ધુમ્મસના કારણે હજારોની સંખ્યામાં લોકો વિમાનીમથકોએ અને રેલવે સ્ટેશન પર અટવાયેલા છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ ધુમ્મસના પરિણામસ્વરૂપે ૫૨ ટ્રેનો લેટ થઈ છે. અનેક ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. વિજીબિલીટી ધુમ્મસના કારણે ૫૦ મીટર સુધી નીચે પહોંચી ગઈ છે. દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સવારે ધુમ્મસની સ્થિતિ રહી હતી.

# ત્રિપલ તલાક બિલ અટવાયુ

**લોકસભામાં બિલ પાસ પણ રાજ્યસભામાં અટવાયું : હવે મર્યાદિત વિકલ્પો રહ્યા છે**

નવી દિલ્હી,તા. ૫

સંસદના શિયાળુ સત્રની આજે પૂર્ણાહૂતિ થઈ હતી. આજે ત્રિપલ તલાક બિલ લોકસભામાં પાસ થયા બાદ રાજ્યસભામાં અટવાઈ પડ્યું છે. તેના ભાવિને લઈને ચર્ચાઓ શરૂ થઈ છે. રાજ્યસભામાં બિલ પેન્ડિંગ હોવાના કારણે સરકારની પાસે તેને કાયદાકીયરીતે રજૂ કરવા માટે ખુબ ઓછા વિકલ્પ રહી ગયા છે. આ બિલના ભવિષ્યના સંદર્ભમાં પૂછવામાં આવતા રાજ્યસભાના પૂર્વ મહાસચિવ વીકે અગ્નિહોત્રીએ કહ્યું હતું કે, સરકારની પાસે એક વિકલ્પ છે તે વટહુકમ જારી કરીને આને અમલી બનાવી શકે છે. જો કે, આ વટહુકમ મારફતે આને અમલી કરવાની બાબત રાજ્યસભાનું અપમાન તરીકે હોઈ શકે છે. એક વખતમાં ત્રિપલ તલાકને અપરાધ જાહેર કરવાની જોગવાઈ ધરાવનાર લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યું હતું પરંતુ આ બિલ રાજ્યસભામાં અટવાઈ પડ્યું છે. લોકસભામાં સભ્યોએ આજે પણ ધાંધલધમાલ જારી રાખી હતી. ત્રિપલ તલાકમાં મુસ્લિમ સમુદાયમાં અપરાધની જોગવાઈ કરવામાં આવી છે. મોકૂફીની જાહેરાત કરતા અધ્યક્ષ સુમિત્રા મહાજાને કહ્યું હતું કે સત્ર ૧૫મી ડિસેમ્બરના દિવસે શરૂ થયું હતું. ૧૩ બેઠકો યોજાઈ હતી જે ૬૧

● અનુસંધાન પાન-૭ પર

## લાલૂને સજા અંગે આજે ઘોષણા

રાંચી,તા. ૫

બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવ અને અન્યોને ઘાસચારા કૌભાંડ કેસમાં સજા અંગેની જાહેરાત આજે ફરી એકવાર ટળી ગઈ હતી. હવે આવતીકાલ ઉપર આ મામલો પહોંચી ગયો છે. આવતીકાલે લાલૂ યાદવ, આરકે રાણા, જગદીશ શર્મા અને ત્રણ પૂર્વ આઈએએસ અધિકારીઓની સામે સજા અંગેની જાહેરાત કરવામાં આવનાર છે. ૧૬ દોષિતો સામે સજા અંગેની જાહેરાત આજે ટળી ગઈ હતી. શનિવારે બપોરે ૨ વાગે ચુકાદો આપવામાં આવશે.

# લોકસભા અનિશ્ચિત મુદ્દત માટે મોકૂફ

**શિયાળુ સત્ર દરમિયાન સરકાર દ્વારા ૧૬ બિલ રજૂ કરાયા : ૧૨ બિલ પસાર**

નવીદિલ્હી, તા. ૫

સંસદનું શિયાળુ સત્ર આજે પરિપૂર્ણ થયું હતું. લોકસભાને અનિશ્ચિત મુદ્દત માટે મોકૂફ કરી દેવામાં આવી હતી. શિયાળુ સત્રમાં માત્ર ૧૨ બિલ જ પસાર કરવામાં આવ્યા હતા. અધ્યક્ષે કહ્યું હતું કે, સેશનમાં સરકાર દ્વારા ૧૬ બિલ રજૂ કરવામાં આવ્યા હતા. શિયાળુ સત્ર દરમિયાન ગૃહમાં ૧૨ બિલ પસાર કરવામાં આવ્યા હતા જેમાં ત્રિપલ તલાક બિલનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# એસબીઆઈ હવે મિનિમમ બેલેન્સ મર્યાદા ઘટાડશે

નવી દિલ્હી,તા. ૫

સરકારના દબાણ સમક્ષ ઝુંકીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મિનિમમ બેલેન્સમાં રાહત આપી શકે છે. શહેરી બ્રાંચમાં હાલમાં મિનિમમ બેલેન્સની મર્યાદા ૩૦૦૦ રૂપિયા છે. બેંક માસિક સરેરાશ બેલેન્સની જરૂરિયાતને ત્રિમાસિક સરેરાશ બેલેન્સને બદલી દેવાની તૈયારીમાં છે. એટલે કે ગ્રાહકોને દર મહિનાના બદલે ત્રિમાસિક આધાર પર પોતાના એકાઉન્ટમાં નિર્ધારિત બેલેન્સ જાળવવાની જરૂર પડશે. બેંક મિનિમમ બેલેન્સની જરૂરને ૧૦૦૦ રૂપિયા કરી શકે છે. જો કે, હજુ નિર્ણય કરાયો નથી. ગયા વર્ષે જૂન મહિનામાં મિનિમમ બેલેન્સને વધારીને ૫૦૦૦ રૂપિયા કર્યો હતો. અલબત્ત ભારે વિરોધ થયા બાદ મિનિમમ બેલેન્સની મર્યાદા મેટ્રો શહેરોમાં ઘટાડીને ૩૦૦૦ રૂપિયા, અર્ધ શહેરોમાં ૨૦૦૦ અને ગ્રામિણ ક્ષેત્રોમાં ૧૦૦૦ કરી હતી.

# કેન્દ્રીય અંદાજપત્ર ૧લીએ રજૂ થશે

નવી દિલ્હી,તા. ૫

સંસદીય બાબતોની કેબિનેટ સમિતિએ આજે ભલામણ કરી હતી કે, સંસદનું બજેટ સત્ર ૨૯મી જાન્યુઆરીથી બોલાવવામાં આવશે. કેન્દ્રીય બજેટ પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે પત્રકારો સાથે વાતચીત કરતા આજે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૨૯મી જાન્યુઆરીના દિવસે સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન કરશે. આર્થિક સર્વે એજ દિવસે રજૂ કરવામાં આવશે. સત્રના પ્રથમ તબક્કાનો ગાળો ૨૯મી જાન્યુઆરીથી ૯મી ફેબ્રુઆરી વચ્ચે રહેશે. રિશેષ બાદ સંસદ પાંચમી માર્ચથી છઠ્ઠી એપ્રિલ દરમિયાન ફરી મળશે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિ દ્વારા સત્રની તારીખો અંગે આજે ભલામણ કરવામાં આવી હતી. બજેટ સત્રને લઈને હાલમાં ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવી ગયો છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવામાં આવનાર છે. અરુણ જેટલી વર્તમાન સરકારનું અંતિમ બજેટ રજૂ કરશે.

સોફા (૩+૨)
કોર્નર સોફા
સોફા કમ બેડ
સોફાનું ગાદી કામ
તમારા ઘરે માલ સાથે અથવા
મજુરીથી કરી આપવામાં આવશે
VISHVAKARMA FURNITURE
Visit: www.vfbath.com
Shri Ambica Udyog Nagar, Near Dariakhan Ghumat,
Opp. Kalandhari Masjid, Shahibaug, A'bad-04
Sofa Sets: 3+2 / Corner Sofa
Sofa cum Bed
8866880414 • 8160507657

A JADE BLUE Enterprise
Buy More. Save More.
SALE
BUY 2 GET 2 FREE*
BUY 3 GET 3 FREE*
No extra GST
greenfibre
SAVINGS METER
FLS 10.18
Gandhinagar: Haveli Arcade, Sector 11, 23246459 greenfibre.com Also available on jadeblue.com
*Offer applicable on in house labels only. Same/lesser value garment free. Select brands & merchandise. Conditions apply.